દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

સોમવાર ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬

# વારંવાર નિવેદન બદલવાના કારણે ડોનાલ્ડ ટ્રમ્પ પર આખું વિશ્વ હસી રહ્યું છે

અમેરિકાના રાજકારણમાં અને વૈશ્વિક ભૌગોલિક રાજનીતિમાં ડોનાલ્ડ ટ્રમ્પ એક એવા નેતા તરીકે ઓળખાય છે જેમના નિર્ણયો અને નિવેદનો અણધાર્યા અને ક્ષણિક લાભથી પ્રેરિત હોય છે. તાજેતરમાં યુક્રેન-રશિયા યુદ્ધ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી અંગે ડોનાલ્ડ ટ્રમ્પના બદલાતા નિવેદનોએ વૈશ્વિક સ્તરે રાજદ્વારી વર્તુળોમાં મોટી ચર્ચા જગાવી છે. એક સમયે શાંતિ સમજૂતી અને યુદ્ધ રોકવાની વાતો કરનાર ટ્રમ્પે હવે યુક્રેનમાં 'નવા નેતા' ની માંગ કરી છે અને ઝેલેન્સ્કી પર યુદ્ધ રોકવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો છે. આ પ્રકારનો પલટો માત્ર ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિનું પ્રતિબિંબ નથી, પરંતુ વૈશ્વિક રાજનીતિમાં અમેરિકાની સ્થિરતા સામે પણ પ્રશ્નાર્થચિહ્ન ઊભું કરે છે. હવે સવાલ એ છે કે ટ્રમ્પે યુક્રેન માટે શા માટે વલણ બદલ્યું? ટ્રમ્પના વલણમાં આવેલા આ પરિવર્તન પાછળ કેટલાંક મહત્વના આર્થિક અને રાજકીય કારણો જવાબદાર છે. ઘરેલું રાજકારણ અને મોંઘવારી (ડીઝલ અને બળતણના ભાવ) અમેરિકામાં વધી રહેલી મોંઘવારી અને ઈંધણના ભાવ ટ્રમ્પ માટે ઘરેલું રાજકીય સવાલો ઊભા કરી રહ્યા છે. તાજેતરમાં અમેરિકાએ રશિયા સાથે ડીઝલ પુરવઠા અંગે છૂટછાટો અને સમજૂતીની દિશામાં પગલાં લીધાં, જેનો યુક્રેને સખત વિરોધ કર્યો હતો. આ વિરોધથી નારાજ થઈને ટ્રમ્પે યુક્રેનિયન નેતૃત્વ પર આકરા પ્રહારો શરૂ કર્યા છે. ટ્રમ્પ હંમેશાં યુક્રેનને અપાતી કરોડો ડોલરની લશ્કરી અને આર્થિક સહાયના વિરોધી રહ્યા છે. તેમનું માનવું છે કે અમેરિકાના કરદાતાઓના પૈસા બીજા દેશના યુદ્ધમાં વેડફાવા ન જોઈએ. ટ્રમ્પનો ઝુકાવ ઘણીવાર વ્લાદિમીર પુતિન સાથે સીધી વાટાઘાટો કરીને વ્યવહારિક ઉકેલ લાવવા તરફ રહ્યો છે. જ્યારે ઝેલેન્સ્કી પોતાની ક્ષેત્રીય અખંડિતતા સાથે સમાધાન કરવા તૈયાર નથી, ત્યારે ટ્રમ્પ તેમને શાંતિ પ્રક્રિયામાં બાધા તરીકે જુએ છે. ટ્રમ્પના ટેરિફ સહિતના નિવેદનો અને તેમાથી પલટી મારવી એ જોતાં ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનો અને નીતિઓ પર સંપૂર્ણ ભરોસો મૂકવો મુશ્કેલ છે, કારણ કે તેમની વિદેશ નીતિમાં દ્રઢ આદર્શવાદ કે સ્થિરતાને બદલે વ્યવહારવાદ પ્રાથમિકતા ધરાવે છે. ટ્રમ્પના નિવેદનો કાયમી રાજદ્વારી નીતિઓ પર આધારિત હોવાને બદલે ક્ષણિક આર્થિક લાભ અને ઘરેલું ચૂંટણીલક્ષી સમીકરણોથી પ્રેરિત હોય છે. ટ્રમ્પના નિવેદનો વારંવાર બદલાતા રહે છે. ગઈકાલે જે દેશ અમેરિકાનો સાથી હતો, તે આજે તેમની આલોચનાનો ભોગ બની શકે છે. જો અમેરિકા દર થોડા મહિને પોતાના આંતરરાષ્ટ્રીય વચનો અને સાથી દેશો પ્રત્યેનું વલણ બદલશે, તો નાટો (NATO) અને અન્ય વૈશ્વિક સાથીઓનો અમેરિકા પરથી વિશ્વાસ ઉઠી જશે. રશિયન આક્રમણ સામે લડી રહેલા યુક્રેન માટે અમેરિકા તરફથી મળતો આંચકો તેના મનોબળને તોડી શકે છે. અમેરિકાના નરમ વલણ અને યુક્રેનમાં નેતૃત્વ બદલવાની માંગથી રશિયાને વધુ આક્રમક બનવાનું પ્રોત્સાહન મળી શકે છે.૩. અમેરિકા પાછળ હટશે તો યુરોપિયન દેશો પર યુક્રેનની સુરક્ષા અને આર્થિક મદદનો તમામ બોજ આવી જશે. ડોનાલ્ડ ટ્રમ્પનું યુક્રેન અંગેનું વલણ દર્શાવે છે કે વૈશ્વિક રાજનીતિમાં કોઈ કાયમી મિત્ર કે શત્રુ હોતો નથી, માત્ર સ્વાર્થ કાયમી હોય છે. રશિયા સાથેના વેપાર અને ડીઝલ સમજૂતીના આર્થિક હિતો આગળ ટ્રમ્પે યુક્રેનની સાર્વભૌમત્વની લડાઈને ગૌણ બનાવી દીધી છે. આ પરિસ્થિતિમાં, ટ્રમ્પના નિવેદનો કે વચનો પર આંધળો વિશ્વાસ મૂકવો યુક્રેન અને વિશ્વના અન્ય દેશો માટે જોખમી સાબિત થઈ શકે છે. વિશ્વભરના નેતાઓએ હવે અમેરિકા પર સંપૂર્ણ નિર્ભર રહેવાને બદલે પોતપોતાની આત્મનિર્ભર સુરક્ષા નીતિઓ ઘડવી પડશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એટલાન્ટિક અથવા પેસિફિક મહાસાગરનું નામ બદલીને 'ટ્રમ્પ ઓશન' અથવા 'ઓશન ઓફ ધ અમેરિકા' રાખવાનું સૂચન કર્યું છે.

ટ્રમ્પે શનિવારે એક ચૂંટણી રેલી દરમિયાન કહ્યું કે 2028માં પોતાનો કાર્યકાળ પૂરો થાય તે પહેલાં તેઓ એક મહાસાગર અને એક મોટી નદીનું નામ બદલવા માંગે છે. તેમની આ વાત પર રેલીમાં હાજર લોકો હસવા લાગ્યા અને તાળીઓ પાડવા લાગ્યા. જોકે, તેમણે મહાસાગરનું નામ બદલવાનો કોઈ ઔપચારિક સત્તાવાર રજૂ કર્યો નથી.

આ પહેલાં પણ ટ્રમ્પ પોતાના નામ પરથી અનેક સ્થળોનાં નામ રાખવાનું સૂચન કરી ચૂક્યા છે.તેમણે પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ઘણી વખત હોર્મુઝ સ્ટ્રેટને અમેરિકન વિસ્તાર ગણાવતા પૂછ્યું છે કે શું તેનું નામ બદલીને 'ટ્રમ્પ સ્ટ્રેટ' કરી દેવું જોઈએ.

## આજનો શબ્દ : અફલાતુન

આમ તો ગ્રીક દાર્શનિક પ્લેટોને અરબી-ઉર્દૂમાં અફલાતુન નામે ઓળખાય છે. મામલો એવો છે કે પ્લેટોના તત્વજ્ઞાનનાં પુસ્તકો અરબીમાં અનુવાદ પામ્યા ત્યારે પ્લેટો નામના '5' અક્ષર તેમણે બદલવો પડ્યો કારણકે અરબી ભાષામાં '5' ધ્વનિ નથી. તેમણે 'પ'ની જગ્યાએ તેને મળતો 'ફ' વાપરવા માંડ્યો અને હજુ પણ ઉચ્ચારણ સરળ થતું નહોતું એટલે આગળ 'અ' જોડ્યો. મતલબ કે એરિસ્ટોટલના ગુરુ અને સોક્રેટીસનાં શિષ્ય પ્લેટો અરબી-ફારસીમાંથી ગુજરાતીમાં અફલાતુન નામે પ્રવેશ્યા. પણ તે રૂઢિપ્રયોગ બની ગયા. પ્લેટો અત્યંત બુદ્ધિશાળી હતા, જ્ઞાની હતા એટલે 'સર્વોત્તમ', 'અસાધારણ', ખૂબ જ હોંશિયાર માટે 'અફલાતૂન' શબ્દ પ્રયોજાવા માંડ્યો. ભાષાકીય પરિવર્તનની આ સફર રોચક છે. એક તો અરબી ભાષાએ ઉચ્ચારણ સમસ્યાને કારણે મૂળ નામને બદલ્યું અને ગુજરાતીમાં તે રૂઢિપ્રયોગ બન્યું. જોકે મુંબઈમાં તો અફલાતૂન નામે મીઠાઈ પણ મળે છે. ખાસ કરીને ઈદ વખતે. આ નામે 1997માં હિન્દીમાં ને 2003માં મરાઠીમાં ફિલ્મ પણ બની છે, અને હા, જાણીતા ગાંધીવાદી અને સાહિત્યકાર નારાયણ દેસાઈએ તેમમના સંતાનોમાં દીકરીનું નામ સંઘમિત્રા રાખ્યું ને બે દીકરામાંથી એકનું નચિકેતા તો બીજાનું અફલાતૂન.

## વચન

અપરિપક્વ કવિ નકલ કરે છે, પરિપક્વ કવિ ચોરે છે.

**– ટી. એસ. એલિયટ**
**(અમેરિકાનાં બ્રિટની કવિ)**

જે મને મારી નથી શકતા તે મને ઓર વધારે મજબૂત બનાવી દે છે.

**– ફ્રેડરિક નિત્શે**

ભૂલવું ક્યારેક ક્યારેક એટલું જ જરૂરી થઈ જાય છે જેટલું યાદ રાખવું.

**– જિમ હેન્સન**
**(અમેરિકન પપેટિયર)**

## હું પૂછું, તમે કહો

**(1) જેમને આખ્યાનકાર શિરોમણિ કહેવા યા તે પ્રેમાનંદના ક્યા આખ્યાનમાં શામળશા શેઠનું પાત્ર છે?**

(ક) નળાખ્યાન (ખ) દશમસ્કંધ
(ગ) કુંવરબાઈનું મામેરું (ઘ) ઓખાહરણ

**(2) પ્રેમાનંદ વડોદરામાં જન્મેલા તો ર.વ. દેસાઈનું મૃત્યુ વડોદરામાં થયેલું. ખેર, તેમણે જે 27 નવલકથાઓ લખેલી તેમાં મીઠાના સત્યાગ્રહ અને તે નિમિત્તે ગાંધી પ્રભાવની વાત કરી અહિંસા, અસ્પૃશ્યતા, સ્વદેશી આંદોલનની વાત કરનારી નવલકથા કઈ હતી?**

(ક) ગ્રામલક્ષ્મી (ખ) દિવ્યચક્ષુ
(ગ) ઠગ (ઘ) પૂર્ણિમા

**(3) આવતા વર્ષે જેમની જન્મ શતાબ્દી છે એવા એ કવિએ 'આ નભ ઝૂક્યું તે કાનજી/ને ચાંદની તે રાધા રે/ આ સરવરજળ તે કાનજી/ને પોયણી તે રાધા રે...' ગીત લખ્યું છે. કહો, કોણ છે એ ગીતના કવિ?**

(ક) રાવજી પટેલ (ખ) રાજેન્દ્ર શાહ
(ગ) પ્રિયકાંત મણિયાર (ઘ) જગદીશ જોશી

**(4) 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપના સંવર્ધન વડે જેઓ ખૂબ યશ પામ્યા હતા અને 'ગુજરાતી વિશ્વકોશ'નું સંપાદન કરતા હતા તેમનું નામ શું?**

(ક) ધીરુભાઈ ઠાકર (ખ) વિવેક દેસાઈ
(ગ) બચુભાઈ રાવત (ઘ) મૃણાલિની સારાભાઈ

**(5) 'ગોતી લો તમે ગોતી લો ગોતી લો (2) નથી જે મઝામાં ખાલી વાવટા ધજામાં એવો હાડનો પ્રવાસી ગોતી લો..' ગીત એ કવિએ લખ્યું છે જે 'વેલકમ જિંદગી' અને '102 નોટ આઉટ નાટકના લેખક-દિગ્દર્શક તરીકે પણ જાણીતા છે. કહો કોણ?**

(ક) આદિત્ય ગઢવી (ખ) અભિજિત જોશી
(ગ) શરમન જોશી (ઘ) સૌમ્ય જોશી

જવાબ
1- ગ, 2- ખ, 3- ગ, 4- ક, 5- ઘ

# વિચારઘન નિરીક્ષા સાથે આખાબોલી 'તપાસ'

કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ અને વિવેચન, અભ્યાસ ક્ષેત્રે પ્રગટતા રહેતા નવોન્મેષ સાહિત્યની ક્ષિતિજ વિસ્તારનારાં હોય છે. આ સર્જનાત્મક સ્વરૂપોમાં થતાં કાર્યોને ગુજરાતી સાહિત્ય સ્વરૂપના વિધવિધ પ્રવાહોમાં થયેલાં કાર્ય વચ્ચે ઓળખાવી આપવા વિવેચનને સક્રિયતા દર્શાવવાની હોય છે. આ બધા વચ્ચે જૂદા જૂદા કાળ-યુગનાં સાહિત્યિક કાર્યોમાં જે કંઈ વિવેચન-અભ્યાસ થતાં હોય તો તેને મૂલવનાર, તપાસ કરનાર વિવેચકો પણ હોવા જોઈએ. પરંપરાઓ વડે જ વર્તમાન સમયની સર્જનાત્મકતા પ્રૌઢી દાખવી શકે. જે તે યુગમાં જે સર્જાયું, જે અભ્યાસો થયા તેનાં વાચન, અભ્યાસ, અધ્યયન ખૂબ જરૂરી છે. અધ્યયનશીલ વિવેચક અનેક સંદર્ભો વડે જે તપાસ કરે તો તે આગવી બની રહે છે.

નરોત્તમ પલાણની એક ઓળખ ઈતિહાસકાર અને પુરાતત્ત્વવિદ્‌ની છે પણ તેઓ એટલા જ ઉત્તમ વિવેચક છે. મધ્યકાલીન સાહિત્યનો તેમનો અભ્યાસ પોતીકાં નિરીક્ષણોથી ચમત્કૃત કરે એવો છે. 'તપાસ' નામનો તેમનો વિવેચનગ્રંથ એ રીતે ઘણો રસપ્રદ છે. ખાસ તો અત્યંત સહજતાથી જે તે પુસ્તકોના વિશેષ તારવવા અને તેની સાથે પોતાની અધ્યયનશીલતા વડે એ વિશેષોને સંદર્ભમાં મૂકી આપી વિસ્તારી યા સંકોચી આપવા તે તેમની વિશેષતા છે. આ બધું કરતી વેળા તેઓ માર્મિકતા સાથે ટિપ્પણી કરે અને જે કહેવાનું હોય તે ખુલ્લા દિલે, ખેલદિલીપૂર્વક કહે. ક્યારે નરોત્તમ પલાણ વિવેચન કરતા હોય તો પણ પોતીકાસ્પર્શનું ગદ્ય સર્જી શકે. 'તપાસ'ના ૨૧ વિવેચનલેખો પહેલાં નિવેદન અને પરિશિષ્ટનાં 'વિવેચન અને હું' વાંચી જવા જરૂરી છે. આમ તો સમગ્ર ગ્રંથમાં વિવેચકો અને અભ્યાસીઓનાં વિચાર-વલણ, અધ્યયનશીલતા વિશેના અભિગમ અને અધ્યાપકોની સજ્જતા-ક્ષમતા વિશે ટિપ્પણ અને નિરીક્ષણો વાંચવા મળશે. એવાં ટિપ્પણ-નિરીક્ષણની એક અલગ પોથી પણ બનાવી શકો એવી તે રસપ્રદ અને માર્મિક છે. વર્ષો પૂર્વે ઉમાશંકરે કહેલું કે જે કંઈ છીછરાપણું દેખાઈ રહ્યું છે તે આપણા વિવેચનને આભારી છે! બ.ક.ઠા. એ આવા વિવેચનને 'નપુંસક' કહેલું. સુરેશ જોશી દ્વારા ખાસ ઊહાપોહ થયો પણ 'ન મારે, ન ભણાવે' એવા મધ્યમમાર્ગી વીરોની બોલબાલા સતત વધતી રહી. આપણે વિવેચન કરવું છે પણ અપ્રિય નથી બનવું - આ માનસિકતાની આકરી તપાસ થવી ઘટે!

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

નેવું પાર (જન્મ ૧૮ મે ૧૯૩૫) નરોત્તમ પલાણના બાર વિવેચનગ્રંથો પૈકીનો એક 'તપાસ' એક દળદાર વિવેચનગ્રંથ પણ નથી અને લેખો પણ કારણ વિના દીર્ઘ નથી બનતા. ઈતિહાસવિદ્‌ હોય તેના વિવેચનલેખો દીર્ઘ બનવાની શક્યતા ઘણાને હોય છે પણ નરોત્તમ પલાણ અત્યંત બોલકા અને એવા જ ઠાવકા વિવેચક છે.

'દલપતરામ' વિશેના ચંદ્રકાંત ટોપીવાળાના નિબંધપ્રબંધ વિશે પ્રસન્નભાવે લખે છે, 'ઈતિહાસની કરોડરજ્જુ પકડીને, એની રેખા ઉપર બરાબર રહીને કયો ઉન્મેષ દાખવી શકાય તેના ઉદાહરણ તરીકે આ લઘુપ્રબંધ, ખાસ તો આપણા ઊગતા વિવેચકોએ નજર સામે રાખવા જેવો છે! અલબત્ત, લેખના સમાપનની આ પંક્તિઓ છે. શરૂમાં તેઓ ટોપીવાળાની અધ્યયનપદ્ધતિ અને ઝીણવટ તપાસે છે. સાથે જ કેટલાંક આગવાં નિરીક્ષણો તારવી આપે



**પુસ્તકઃ** તપાસ (ગ્રંથાવલોકનો)
**અવલોકનકારઃ** નરોત્તમ પલાણ **પ્રકાશકઃ** બ્રિજલ પ્રકાશન **પ્રાપ્તિસ્થાનઃ** નરોત્તમ પલાણ, 'દર્શન' ૩, વાડીપ્લોટ, પોરબંદર - ૩૬૦૫૭૫
**કિંમતઃ રૂ. ૧૦૦/-**

છે, 'નર્મદનું ગદ્ય અંગ્રેજી કેળવણી પામેલાનું ગદ્ય છે' અથવા દલપતરામના 'લક્ષ્મીનાટક' વિશેની ટોપીવાળાની નોંધ, 'મૂળ નાટકનું કથાવસ્તુ ફોર્બ્સ પાસેથી સાંભળ્યા પછી (પોતાની યાદદાસ્ત આધારે) દલપતરામે સ્વતંત્ર રીતે 'લક્ષ્મીનાટક' રચ્યું છે. આ ન તો અનુવાદ છે, ન તો રૂપાંતર છે! ટોપીવાળા ક્યાં ચૂકે છે તે પણ પલાણની નજરે ચડે છે. ઉદાહરણ રૂપે એકઃ 'દલપતરામે કરેલો કહેવતસંગ્રહ, જે ઉલ્લેખ પામ્યો નથી તેમાં સાતસો જેટલી કહેવતો છે! ટોપીવાળા' શું કોઈ પણ વિવેચકને થાય કે આવી તપાસ વધારે સમૃદ્ધ છે.

પલાણ મધ્યકાલીન સાહિત્ય પરના ગ્રંથો અને મુકુંદરાય પારાશર્ય, મનસુખલાલ ઝવેરી, યશવંત શુક્લ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રામપ્રસાદ શુક્લ, ઉપેન્દ્ર. છ. પંડ્યા, રમેશ શુક્લ વગેરેના ગ્રંથકાર્ય સાથે ભોળાભાઈ પટેલ, વીરચંદ ધરમશી, ધીરુ પરીખ, ચંદ્રકાંત શેઠ અને લાભશંકર પુરોહિત, રમણ સોની, દક્ષા વ્યાસ, હર્ષદ ત્રિવેદી, પુરુરાજ જોશી, ભીમજી ખાચરિયા વગેરેના ગ્રંથો તપાસે છે. સ્વાભાવિક રીતે જ વર્તમાન સાહિત્યસર્જન અને વિવેચન વિશે અપેક્ષા રાખનાર અહીં ઠાલાપણું અનુભવશે પણ પોતાના વિશે વાંચવાની વૃત્તિ જરાક હડસેલી જે વિવેચન થયું છે તે જ પ્રમાણતા ઘણા સંદર્ભો વર્તમાનમાં હિલ્લોળા લેશે. પલાણસાહેબને લેખનાં મથાળાં બાંધતાં બહુ સરસ આવડે છે. લેખની સામગ્રી વિશે અને લેખના કર્તા વિશે પણ માર્મિક રીતે કહેવાનું તેમાં શક્ય બને છે. 'પ્રભાશંકર પટ્ટણીઃ વ્યક્તિત્વ દર્શન' નામના મુકુંદરાય પારાશર્યના ગ્રંથની તપાસનું શીર્ષક છેઃ 'ગંગાજળમાંય શુદ્ધિની અપેક્ષા'; લાભશંકર પુરોહિતના 'શબ્દપ્રત્યય'ની તપાસ 'પંડિતયુગની ઉજળી પરંપરા' શીર્ષકથી થઈ છે, તરત સમજાઈ જાય કે લાભશંકર પુરોહિત કઈ પરંપરામાં રહી વિવેચન કરે છે. 'મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર'ના ગ્રંથકાર ધીરુભાઈને 'અનુભવી કાવ્યની વેઠ' શીર્ષકથી આખાબોલાપણાનો પરિચય કરાવે છે. આવાં બીજાં મથાળાં પણ જોજો, મળવાનાં છે. અધ્યયનશીલ રસિકતા અને પ્રામાણિક વિવેચનનો સમન્વય આખા ગ્રંથને સમૃદ્ધ કરે છે. વીરચંદ ધરમશીના ગ્રંથ 'ભગવાનલાલ ઈન્દ્રજીઃ પુરાતત્ત્વવિદ્યાના ભારતીય આદિપુરુષ' ને વિશે વિસ્તૃત તપાસ થઈ છે અને 'એક રોમાંચક જીવનકથા' જેવા પ્રસન્નશીર્ષક પછી અનેક નિરીક્ષણો વડે વીરચંદ 'વિશેષ' પ્રગટ કરે છે અને ભગવાનલાલ ઈન્દ્રજીના વિશેષને તો એમ નોંધે છે, 'ગુજરાત અને ગુજરાતી ભાષા પરત્વેનું ભગવાનલાલનું પ્રદાન આજના આપણા ઈતિહાસલેખકો તથા ભાષાશાસ્ત્રને ઉલ્લેખતા નથી અને અંગ્રેજી મિત્રોના ઉલ્લેખો આપે છે!

મૂળનો અંગ્રેજી ગ્રંથ જોવા જઈએ તો ત્યાં ભગવાનલાલના ઋણસ્વીકાર સાથે ભગવાનલાલનો ઉતારો વાંચવા મળે. (વાહ!) કહેવત પ્રભાશંકર પટ્ટણીનું વ્યક્તિત્વ દર્શન કરાવનાર મુકુંદરાય પારાશર્યનું ચરિત્ર આલેખક તરીકેનું વ્યક્તિત્વ પણ પલાણ સરસ ઉપસાવે છે. પલાણ જરૂર પડે ત્યારે આકરા થાય. અમૃતલાલ યાજ્ઞિક, યશવંત ત્રિવેદી, દેવેન મલકાણે 'સાહિત્યિક વાદ'નું સંપાદન કરેલું. તેના વિશેની તપાસનો આરંભ, 'ગુજરાત એની આંતર સૂઝના કારણે જેટલું જાણીતું છે, તેટલું વિદ્વત્તાની બાબતમાં નથી. આમ છતાંય ગુજરાતી વિદ્વત્તાને ગણનામાં લીધા વિના ચાલે તેમ નથી! તો હવે જેઓ નથી તે લાલશંકર પુરોહિતની વિવેચનને 'લાલશંકર પુરોહિત' સૂરશ્રુતિ સાથે આપણા સમગ્ર વાગ્વૈભવના કેવા તો બહુશ્રુત અને સુજ્ઞ વિદ્વાન છે તેની પ્રતીતિ અહીં પદેપદે મળી મળતી રહે છે!

થાય કે આજે નરોત્તમ પલાણ જેવા વિવેચકો કેટલા? તેમના પછીની પેઢીના ટોપીવાળા, શિરીષ પંચાલ, સુમન શાહ વગેરે વધારે કંઈ ઉમેરતા નથી ત્યારે નવા વિવેચકોએ નરોત્તમ પલાણના 'તપાસ'ની તપાસ કરવી જોઈએ. પરિભાષાના વજન વિના પણ ઘણું કહી શકાય અને જે વિવેચકો, સમૃદ્ધ અભ્યાસીઓએ આપણને સમૃદ્ધ કર્યા છે તેમની અનુમોદના કરી શકાય.

# ડો. લાગુ અને નાના પાટેકરના અભિનયથી યાદગાર બનેલા 'કુસુમાગ્રજ'ના 'નટસમ્રાટ'નો અનુવાદ

નાના પાટેકરનું મૃત્યુ થયું ને 'નટસમ્રાટ'ની યાદ આવી. વિ. વા. શિરવાડકર 'કુસુમાગ્રજ'ના લખેલા આ નાટકને બે અભિનેતાઓએ યાદગાર બનાવ્યું. પ્રથમ ડો. શ્રીરામ લાગુ અને પછી નાના પાટેકર. નાનાની પ્રબળ ઈચ્છા હતી કે 'નટસમ્રાટ'ની ભૂમિકા કરે. રંગમંચ પર ન કરવા મળ્યા તો રંગપટ પર ભજવી.

મોટા અભિનેતાને મોટા બતાવતું નાટક છે 'નટસમ્રાટ'. 'નટસમ્રાટ' સાથે ટેગલાઈન છે 'અસા નટ હોણે નાહી!' શેક્સપિયરનાં નાટકો વિશ્વના અનેક વિખ્યાત અભિનેતાઓએ ભજવ્યાં. જે મોટા ગણાવવા જેવા થાય તેના માટે શેક્સપિયરનાં નાટકો ભજવવા યશતિલક કહેવાય. વિ. વા. શિરવાડકર જેમને ૧૯૮૯માં જ્ઞાનપીઠ પુરસ્કાર મળેલો. આ યશોપ્રાપ્ત નાટક 'નટસમ્રાટ'નો અભિનેતા શેક્સપિયરનાં અનેક નાટકોનો અભિનેતા રહ્યો છે. કુસુમાગ્રજ એ સ્વયં શેક્સપિયરનાં અનેક નાટકોનાં અનુવાદ અને રૂપાંતર કરેલા - 'મેકબેથ'ને 'રાજમુકુટ' નામે તો 'ઓથેલો'ને એ જ નામે. 'નટસમ્રાટ' (૧૯૭૦) પર શેક્સપિયરનાં 'કિંગ લિયર' નાટકનો પ્રભાવ છે. 'કિંગ લિયર'માં રાજા તેમની દીકરીઓને બધું જ સોંપી દીધા પછી ઉપેક્ષા, અપમાન, એકલાપણાનો શિકાર થઈ પાગલપણાની દશામાં પહોંચી જાય છે. 'નટસમ્રાટ'ના ગણપતરાવ અપ્પાસાહેબ બેલવલકરની પણ એ જ દશા થાય છે.

'અપ્પાસાહેબ' અભિનેતા તરીકેની અત્યંત યશોદાયી જિંદગી પૂરી કરી ચૂક્યા છે અને 'નટસમ્રાટ'ની પદવી પામે છે. બસ, પછી જે નિવૃત્તિ શરૂ થાય છે તે જીવનનાટકવી છે અને તે વધારે વાસ્તવિક અને મેલોડ્રામેટિક છે. મતલબ કે પ્રેક્ષક જે જુએ છે તે તો ભૂતપૂર્વ અભિનેતાનું વાસ્તવિક જીવન જુએ છે અને તાળી પડે છે નાટ્યાભિનયની. એક અર્થમાં આ વિરોધાભાસ છે ને એ જ પ્રેક્ષકને હચમચાવે છે. શરીફા વીજળીવાળાએ 'કુસુમાગ્રજ'ના 'નટસમ્રાટ' નાટકનો એ જ નામે ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. શ્રુતિપ્રાપ્ત સિવાય ઉર્દૂ આવડે નહીં પણ હિન્દી લિપિમાં પ્રગટ થયેલી અનેક ઉર્દૂ નવલકથા, વાર્તાનો તેમણે અનુવાદ કર્યો એવું જ આ મરાઠી નાટકના અનુવાદ વિશે છે પણ તેઓ તે છતાં તેને પ્રમાણભૂત બનાવવાનો પૂરો શ્રમ કરે. 'નટસમ્રાટ' નાટકનો અનુવાદ જ કરવો જોઈએ કારણ કે તેમાં જે નાટકોનો, મહાન નાટ્ય-અભિનેતાના ઉલ્લેખ આવે છે તે મરાઠી નાટ્યપરંપરાના છે, મરાઠી થિયેટર સંસ્કૃતિના છે. આપણે તો શેક્સપિયરનાં નાટકો વધારે ભજવ્યાં નથી અને શેક્સપિયર




એકટિંગ કલ્ચર ઊભું નથી કરી શક્યા એટલે રૂપાંતર નહીં અનુવાદ જ કરવો પડે. હા, કોઈ તેને ભજવવા સાહસ કરે તો રૂપાંતર પણ શક્ય છે. મા. અશરફખાનથી માંડી અરવિંદ જોષી એ એકટિંગ કલ્ચરમાં પોતાને સિદ્ધ કરી શક્યા હોત. પણ જવા દો, જે અનુવાદ છે તે પણ કોઈ ભજવવા ધારે તો એવા મોટા અભિનેતાની જરૂર પડે

**પુસ્તકઃ** નટસમ્રાટ (નાટક) **લેખકઃ** વિ. વા. શિરવાડકર 'કુસુમાગ્રજ' **અનુવાદઃ** શરીફા વીજળીવાળા **પ્રકાશકઃ** અરુણોદય પ્રકાશન, ૨૦૨, હર્ષ કોમ્પ્લેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧ **મૂલ્યઃ રૂ. ૧૭૦/-**

જેનો સ્વયં આવાં પાત્રો ભજવ્યાનો યશસ્વી ભૂતકાળ હોય. બાકી, તો કોઈ પણ ભજવે. હા, એ અભિનેતાનો સ્વયંનો રેફરન્સ હોય તો પ્રેક્ષકની નાટક જોવાની મજા ઉમેરાઈ જાય. ડો. લાગુ, નાના પાટેકર પાસે એવા યશોજજ્વલ સંદર્ભ હતા.

આ નાટકની મજા શેક્સપિયર શૈલીના લાંબા લાંબા સંવાદો છે જે પાત્રની એકલા પડવા સાથે ઉમેરાતા એકોક્તિય બની જાય છે. એ સંવાદ મનોદ્વંદ્વ રૂપે, અંતર્મનના સંઘર્ષ રૂપે હોય એટલે સ્વગતોક્તિ બને. કુસુમાગ્રજે આવા સંવાદો વડે શેક્સપિયરની શૈલી સાથે અભિનેતાનાં પાત્રત્વનું અનુસંધાન રચ્યું છે. કવિ તરીકે મુખ્ય ઓળખ ધરાવનાર લેખક નાટક લખે તો તેમાં કાવ્યાત્મક ભવ્યતા, ગાંભીર્ય ઉમેરાય તે સ્વાભાવિક છે. 'નટસમ્રાટ' એક ટ્રેજેડી તરીકે વાચક (પ્રેક્ષક)ને બાંધી રાખે છે. ગુજરાતી રંગભૂમિ આવા નાટક કરવાની space ગુમાવી ચૂકી છે. મા. અશરફખાનના સમયમાં આ નાટક ભજવવું શક્ય હતું. જશવંત ઠાકર વડે શક્ય હતું. હવે નથી. પણ અનુવાદ વાંચતાં મરાઠી રંગભૂમિ અને નાટ્યલેખન આપણને ગૌરવ સાથે અનુભવાય છે તેને પણ ફલશ્રુતિ અનુભવવી જોઈએ. નાટકમાં અપ્પા અને કાવેરી વચ્ચેના દામ્પત્યસંબંધને એવો તો લાગણીની ઉત્કટતા સાથે દર્શાવાયો છે કે અપ્પા પોતાના સંતાન-પુત્રવધૂ વડે ભોગવવાની આવતી કુટુંબવિખરાવની પીડા જીવી શકે છે. અનુવાદમાં ક્યાંક ક્ષતિય છે. નાટકમાં લખાયેલાં વાક્યો નાટ્યોક્તિ બને એવું તો થવું જ જોઈએ. ક્યાંક એવું નથી બનતું તો આંતરલય તૂટે છે. વિઠોબા પોતાના શેઠાણીને શેઠાણી કહે તે બરાબર પણ 'માલિકણ' આપણે પ્રયોજતા નથી. 'કમીજ' હિન્દી છે, ખમીસ શબ્દ કેમ નહીં? જ્યાં 'રિહર્સલ' શબ્દ પ્રયોજી શકાય ત્યાં 'અભ્યાસ' છે. આમ છતાં આ એવા નાટકનો અનુવાદ છે જે નિમિત્તે ઘણી ચર્ચા થઈ શકે. અનુવાદકો અપેક્ષા રાખે છે કે આ નાટક ભજવાય. આ નાટક છે પણ એવું કે ભજવાતું જોવા ગમે. જશવંત ઠાકરે ભજવેલું અત્યારે કોણ ભજવશે? લખાયેલા નાટકને વાચકથી વધુ તો મંચની જ અપેક્ષા હોય છે. નાના પાટેકરે 'નટસમ્રાટ'ની ભૂમિકા ભજવ્યા પછી ઉદ્‌ગાર કાઢેલા કે 'હાશ, હવે જીવવું સાર્થક થયું!' નાટક વાંચતાં પણ એક સારા નાટક વાંચ્યાની સાર્થકતા અનુભવાશે. શરીફા વીજળીવાળા માટે આનંદ અનુભવીએ કે તેઓ 'ક્લાસિક્સ' પ્રકારની કૃતિ, મરાઠી રંગભૂમિનાં પ્રેક્ષેકોને ઉત્તમ અભિનયની ક્ષમતા દાખવનારા નાટકનો આનંદ આપેલો તે ગુજરાતી વાચનમાં પણ અનુભવાશે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### 'પાડે પાડા લડે અને ઝાડ નો ખો નીકળે'

બંધારણીય સંસ્થાઓ સામેના આંદોલનો પાછળ પ્રજાના પ્રશ્નો કરતાં રાજકીય હરીફાઈ વધુ જવાબદાર હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. અભિજિત દીપક દ્વારા મુખ્ય નિર્વાચન આયુક્ત સામે શરૂ કરાયેલી ચળવળ અને ઝારખંડના વિદ્યાર્થી આંદોલન પ્રત્યેનું મૌન વિરોધાભાસી લાગે છે. SIR પ્રક્રિયામાં ભૂલો હોય તો સુધારાની જરૂર છે, પરંતુ આખી પ્રક્રિયાને ગેરવ્યાજબી ગણાવી શકાય નહીં. વિપક્ષના નેતાઓ વચ્ચે પ્રસિદ્ધિ મેળવવાની હરીફાઈ પણ સ્પષ્ટ દેખાય છે. રાહુલ ગાંધી અને અન્ય નેતાઓ આંદોલનો દ્વારા રાજકીય પાયો મજબૂત કરવા પ્રયાસ કરી રહ્યા છે. પોલીસ સાથેની ધક્કામુક્કી અને વિવાદોના વીડિયો પણ રાજકીય ચર્ચાનો વિષય બને છે. જોકે, આવા આક્ષેપોની સત્યતા તપાસવી જરૂરી છે. મુખ્ય પ્રશ્ન એ છે કે આંદોલનો ખરેખર જનતાના પ્રશ્નો માટે છે કે રાજકીય લાભ માટે? મોદી સરકાર સામે લડતાં વિપક્ષી પક્ષો વચ્ચે પણ આંતરિક સ્પર્ધા વધવાની શક્યતા છે. ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસે 150 બેઠકોની માગણી કરી હોવાના અહેવાલો વચ્ચે અખિલેશ યાદવની ભૂમિકા મહત્ત્વની બનશે. પંજાબ અને બંગાળમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ શકે છે. આમ, વિપક્ષની એકતા કરતાં સત્તા અને પ્રભાવ માટેની આંતરિક હરીફાઈ વધુ તીવ્ર બને તેવી શક્યતા નકારી શકાય નહીં.

**સુરત - પિયુષ મહેતા**

### સામાન્ય નાગરિકને નક્કર પરિણામો જોઈએ!

દેશને 2047 સુધી વિકસિત ભારત બનાવવાનાં સપનાં બતાવવામાં આવી રહ્યાં છે, પરંતુ આજે સામાન્ય નાગરિક પોતાની બચત, મોંઘવારી, રોજગારી અને EMIની ચિંતામાં છે. ત્યારે સવાલ એ થાય છે કે ભવિષ્યનાં સપનાં બતાવતી સરકાર વર્તમાનની સમસ્યાઓનો જવાબ ક્યારે આપશે? શેરબજારમાં એક જ દિવસમાં રોકાણકારોની સંપત્તિના મૂલ્યમાં આશરે 10 લાખ કરોડનો ઘટાડો થયાના અહેવાલો ચિંતાજનક છે. સામાન્ય માણસ પોતાની મહેનતની કમાણીમાંથી SIP અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરે છે. બજારમાં ભારે ઘટાડો થાય ત્યારે તેની વર્ષોની બચત પર અસર પડે છે. બીજી તરફ ડૉલર સામે રૂપિયાની નબળાઈ અને વધતા જીવનખર્ચથી મધ્યમવર્ગ પર આર્થિક દબાણ વધી રહ્યું છે. શેરબજારના દરેક ઘટાડા માટે સરકાર જવાબદાર નથી, પરંતુ દેશની આર્થિક સ્થિતિ અંગે જનતાને સાચી માહિતી આપવી અને સમસ્યાઓના ઉકેલ માટે નક્કર પગલાં લેવાં એ સરકારની ફરજ છે. દેશને મોટા ભાષણો, રાજકીય આક્ષેપો અને ખોટા આશ્વાસનો કરતાં મોંઘવારીમાં રાહત, રોજગારીની તકો, આર્થિક સ્થિરતા અને જવાબદાર શાસનની વધુ જરૂર છે. દેશના નાગરિકો કોઈ રાજકીય પક્ષની મતબેંક માત્ર નથી. તેઓ કર ચૂકવે છે, મહેનત કરે છે અને દેશના વિકાસમાં યોગદાન આપે છે. તેથી સરકાર પાસે જવાબ માંગવાનો તેમને પૂરો અધિકાર છે. વિકસિત ભારતનું સપનું ચોક્કસ સારું છે, પરંતુ 2047ની વાતો કરીને 2026ની સમસ્યાઓને અવગણી શકાય નહીં.

**સુરત - આશિષ ટેલર**

### ચૂંટણી પંચમાં જનતાનો વિશ્વાસ શું તૂટી રહ્યો છે?

તાજેતરમાં ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે અન્ય કમિશનરોએ મોટા પાયે ફરિયાદો કરી અને વિરોધ નોંધાવ્યો. સમગ્ર દેશમાં વિરોધ ફાટી નીકળ્યો. આ કાર્ય બંધારણવિરોધી લાગ્યું, પરંતુ બંધારણના ઘડવૈયાઓએ બહુસદસ્ય ચૂંટણીપંચની જોગવાઈ કરી હતી. જોકે, માત્ર મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) ને જ પદ પરથી હટાવવા સામે રક્ષણ આપવામાં આવ્યું હતું, અન્ય કમિશનરોને નહીં. 1989 સુધી ચૂંટણીપંચ એકસદસ્ય હતું. મતદાનની ઉંમર ઘટાડવાને કારણે મતદારોની સંખ્યામાં અચાનક વધારો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને બે અન્ય કમિશનરોની નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ એક જ વર્ષમાં નવી સરકારે આ નિર્ણય રદ કરી દીધો. ટી. એન. શેષનને નબળા પાડવા માટે સરકારે કાયદામાં સુધારો કરીને ત્રણ સભ્યોના ચૂંટણીપંચને ફરીથી સ્થાપિત કર્યું. તેની કલમ 10 મુજબ સર્વસંમતિથી અથવા બહુમતીથી લેવાયેલા નિર્ણયો માન્ય ગણાય છે. વિરોધાભાસ એ છે કે ચૂંટણીસંબંધિત કે વહીવટી નિર્ણયો લેવામાં અન્ય કમિશનરો મુખ્ય ચૂંટણી કમિશનરની સમકક્ષ છે, પરંતુ મુખ્ય ચૂંટણી કમિશનરની ભલામણ પર રાષ્ટ્રપતિ તેમને ગમે ત્યારે પદ પરથી દૂર કરી શકે છે. બીજી તરફ, ન્યાયાધીશોની જેમ મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા પણ અત્યંત કઠિન છે. કમિશનરોની ગરિમા અને જનતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે આ માળખાકીય ખામીને દૂર કરવી આવશ્યક છે.

**સુરત - યોગેન્દ્ર પટેલ**

### ટ્રમ્પ ને કોણ સમજાવે?

દુનિયાના અનેક દેશોમાં દખલગીરી કરનારા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના નિર્ણયથી લાદેલા ટેરિફને કારણે વૈશ્વિક વેપારને અસર પહોંચાડી છે. યુક્રેનને હથિયારોની મદદ અને રશિયા સાથેના યુદ્ધમાં અમેરિકાની ભૂમિકા ચર્ચાસ્પદ રહી છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમના બહાને થયેલા હુમલાઓ અને હોર્મુઝ માર્ગ બંધ થવાની સ્થિતિએ ક્રૂડતેલની સમસ્યા વધારી છે. બીજી તરફ, ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંઘર્ષ પણ યથાવત્ છે. હવે અમેરિકા ક્યુબા પર હુમલો કરીને ત્યાં પોતાની ઈચ્છા મુજબની સરકાર સ્થાપવા માગે છે એવા અહેવાલો છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમનાં પત્નીને પકડીને અમેરિકામાં લઈ જવાની કાર્યવાહી પણ અમેરિકાની નીતિ સામે સવાલો ઊભા કરે છે. અન્ય દેશોની સંપત્તિ પર નિયંત્રણ મેળવવા માટે અમેરિકા લશ્કરી તાકાતનો ઉપયોગ કરતું હોવાની ટીકા થતી રહી છે. ટ્રમ્પ ભારત-પાકિસ્તાન યુદ્ધ અટકાવવાનો શ્રેય લઈને પોતાને શાંતિના નોબેલ પુરસ્કારના હકદાર ગણાવતા રહ્યા છે. આ વર્ષે ભારતીય મૂળનાં નવી પિલ્લૈને શાંતિના નોબેલ માટે નોમિનેટ કરવામાં આવતાં ટ્રમ્પે પસંદગી સમિતિ સામે નારાજગી વ્યક્ત કરી છે. પરંતુ નોબેલ પુરસ્કાર ઉમદા કામગીરીની કદરરૂપે મળે છે, માગવાથી નહીં. આટલી સાદી વાત ટ્રમ્પને કોણ સમજાવશે?

**સુરત - વિજય તુઈવાલા**

### નવરાત્રિ હવે વ્યાવસાયિક બની ગઈ છે

અગાઉના સમયમાં શેરી ગરબાની પ્રથા હતી. ફળિયા કે શેરીની સફાઈ કરી ધજાપતાકા અને તોરણોથી શણગાર કરવામાં આવતો. મધ્યમાં લાકડાની માંડવી મૂકાતી અને બહેનો તેની આસપાસ ગરબા રમતી. પરંતુ આધુનિક સમયમાં શેરી ગરબાનું સ્થાન મોટાં મેદાનો અને પાર્ટી પ્લોટોએ લીધું છે. આજે ગરબાના મેદાનોમાં ભવ્ય લાઈટિંગ, ડેકોરેશન, જાહેરાતનાં બોર્ડ અને ખાણીપીણીના સ્ટોલ જોવા મળે છે. ગરબા માટે વ્યાવસાયિક ગાયકો, સાજીંદાઓ અને સુશોભિત સ્ટેજની વ્યવસ્થા કરવામાં આવે છે. ટ્રેડમાર્કવાળાં વસ્ત્રો અને આભૂષણોનો ક્રેઝ વધ્યો છે. ગરબા જોવા માટે પણ મોંઘા પાસ લેવા પડે છે. આયોજકો ફંડના નામે દુકાનદારો અને લોકો પાસેથી દબાણપૂર્વક નાણાં ઉઘરાવે છે. સ્ટોલધારકો ઊંચું ભાડું વસૂલવા માટે ખાણીપીણીના ભાવ વધારે છે, જેનો બોજ અંતે સામાન્ય જનતા પર પડે છે. માતાજીના ગરબાના નામે ફિલ્મી ધૂનો પર નૃત્ય, મોડી રાત સુધી મોજમસ્તી અને દેખાડાનું પ્રમાણ વધ્યું છે. કેટલીક જગ્યાએ છેડતી જેવા બનાવો પણ ચિંતાજનક છે. આમ, ભક્તિ અને પરંપરાના પર્વમાં વ્યાપારીકરણ હાવી થયું છે. નવરાત્રિ હવે આરાધના કરતાં મનોરંજન અને ઐયાશીનું પર્વ બની રહી છે. ગરબાની મૂળ ભાવના જળવાય અને માતાજીની ઉપાસનાનું મહત્ત્વ જળવાઈ રહે તે જરૂરી છે.

**હાલોલ - યોગેશભાઈ આર જોષી**